## ડાયરેક્ટ ❤ સે

સાંકળ જો બંધ હોય તો
ખોલીને નીકળું
ખુલ્લી જગાને
કેમ હું તોડીને નીકળું
- રમેશ પારેખ

## જન્મદિને વધામણી


પ્રભુદાસ એસ રત્નોત્તર
મો. ૯૮૯૮૯ ૮૦૫૯૬


કલ્પનાબેન પંડ્યા


ડિમ્પલ દેસાઈ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૩**
અવેન્જર્સ (૩ડી, હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦
અવેન્જર્સ (૩ડી, અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫
**સ્ક્રીન - ૪**
તિશાગ્નિ
૧૨.૩૦
ફેરા ફેરી હેરા ફેરી (ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦
દાસ દેવ
૬.૪૫
**સ્ક્રીન - ૫**
૧૦૨ નોટ આઉટ
૨.૧૫, ૬.૧૫,
૧૦.૧૫
ઓમેર્ટા
૧૨.૧૫, ૪.૧૫,
૮.૧૫

# સુથાર સમાજ ગુજરાતનો ૨૪મો રાજ્ય સ્તરીય શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ યોજાઈ ગયો



ગાંધીનગર, તા. ૯
સુથાર સમાજ ગુજરાતનો રાજ્ય સ્તરીય શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમ, ૨૪મી વાર્ષિક સાધારણ સભા કમ શ્રેષ્ઠીઓનો સન્માન સમારોહ તાજેતરમાં ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. સમારંભનો દીપ પ્રાગટ્યથી દિનેશચંદ્ર સુથાર-બોરસદ, વિષ્ણુભાઈ મિસ્ત્રી - આણંદ દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના અગ્રણી ગૌતમભાઈ સુથાર-ઉંડેરા, ધીરુભાઈ સુથાર, પ્રકાશભાઈ ગજ્જર, કમલેશભાઈ સુથાર-વિદ્યાનગર, રમેશચંદ્ર મિસ્ત્રી, અશોકભાઈ મિસ્ત્રી, ચંદ્રકાન્ત મિસ્ત્રી અને સંજયકુમાર ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા.

## સંગીત નાટક અકાદમી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા શુક્રવારે કૉમેડી નાટકનું આયોજન

ગાંધીનગર, તા. ૯
ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૧૭ના ટાઉનહોલ ખાતે તા. ૧૧ મે ને શુક્રવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે 'રંગરંગીલા ગુજ્જુભાઈ' નાટકનું આયોજન કરવામાં આવ્યું છે.

મગનભાઈ કાકડિયાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે પતિ અને પત્ની વચ્ચે ખેલાતી ધાપબાજીની ધમાલ મચાવતા ગૂંથાયેલા તાણાવાણાના આ નાટકના લેખક પ્રવીણ સોલંકી છે. ઈશાન રાંદેરિયા નિર્મિત અને સિદ્ધાર્થ રાંદેરિયા પ્રસ્તુત આ સામાજિક પ્રહસન નાટકને માણવા માટે ટ્રસ્ટના સભાસદોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### પરિણામ સવારે ૯ વાગ્યે બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે

# આજે ધોરણ-૧૨ સાયન્સ અને ગુજસેટનું પરિણામ જાહેર થશે

## સવારે ૧૧ કલાકથી ૪.૦૦ વાગ્યા સુધી સ્કૂલો દ્વારા માર્કશીટનું વિતરણ કરવામાં આવશે

અમદાવાદ, તા. ૯
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨ની પરિક્ષાનાં પરિણામોની તારીખ જાહેર કરવામાં આવી છે. જેની વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓ રાહ જોઈ રહ્યા તે પરિણામની તારીખ જાહેર કરવામાં આવી છે. મહત્વના બે ધોરણ ૧૦ અને ૧૨ની પરિક્ષાનું પરિણામ ૧૦મેના રોજ જાહેર કરવામાં આવશે, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૦ મેના રોજ જાહેર કરવામાં આવશે. જ્યારે ગુજકેટની પરિક્ષાનું પરિણામ પણ ૧૦ મેના રોજ જાહેર કરવામાં આવશે.

મહત્વનું છે કે, સવારે ૧૧ કલાકથી ૪.૦૦ વાગ્યા સુધી સ્કૂલો દ્વારા માર્કશીટનું વિતરણ કરવામાં આવશે. ઓનલાઈન પરિણામ આપ સવારે ૯.૦૦ કલાકે જોઈ શકશો. વેબસાઈટ્ટુ.ક્ષ્રજીહ્વ.ૈંઌિ પરથી આપ સવારથી જ પરિણામ જોઈ શકશો.સૂત્રો દ્વારા મળેલી જાણકારી અનુસાર, ધોરણ ૧૦નું પરિણામ પણ મે મહિનામાં જ જાહેર કરવામાં આવશે તેવી સૂત્રો દ્વારા માહિતી મળી રહી છે. જ્યારે ધોરણ ૧૦નું પરિણામ ૨૮થી ૩૧ તારીખની વચ્ચે જાહેર કરવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, બોર્ડ ધોરણ ૧૨ના પરિણામ બાદ વિદ્યાર્થીઓ પોતાની નવા લક્ષ્યને પામવા ક્યા ક્ષેત્રમાં પ્રવેશવું તેની પસંદગી કરતા હોય છે. ત્યારે વિદ્યાર્થીઓ અને તેના પરિવારના લોકો પણ પોતાના બાળકનું સારું પરિણામ આવે તેવી આશા રાખતા હોય છે. જ્યારે ૧૦માં ધોરણના પરિણામ બાદ વિદ્યાર્થીઓ સામાન્ય અને વિજ્ઞાન અને વિવિધ ક્ષેત્રોમાં પ્રવેશવાની પસંદગી કરતા હોય છે.

### છેલ્લો દિવસ અને કરસનદાસ પે એન્ડ યુઝ ફિલ્મના નિર્માતાની નવી પેશકશ

# ગુજરાતી ફિલ્મ 'વાંઢા વિલાસ' રજૂઆતને આરે



ગાંધીનગર, તા. ૮
છેલ્લો દિવસ, કરસનદાસ પે એન્ડ યુઝના નિર્માતા બેલવેડર ફિલ્મ અને સુદર્શન એન્ટરટેઈનમેન્ટના નિર્માતાઓ દ્વારા ત્રીજી ફિલ્મ વાંઢા વિલાસ રજૂ થવા જઈ રહી છે.

અલગ અલગ વિષયો લઈ રજૂ કરવામાં માસ્ટરી ધરાવતા ડિરેક્ટર ચિન્મય પરમારની ધમાલ કૉમેડી ફિલ્મ એટલે વાંઢા વિલાસ.

વાંઢા વિલાસની કથા કંઈક આવી છે. એક શ્રાપિત કુટુંબ છે જેને કુટુંબના જ કોઈ પૂર્વજે શ્રાપ આપ્યો છે કે જાવ, આ કુટુંબમાં દરેકનાં બે-બે વાર લગ્ન થશે. આ શ્રાપને કારણે એક સમય એવો આવે છે કે એક જ ઘરમાં પિતા-પુત્ર અને પૌત્ર ત્રણેય વાંઢા જોવા મળે છે. એમાં સ્ત્રીપાત્રનો સમાવેશ થાય છે. આ પાત્રને મેળવવામાં કોણ સફળ થાય છે ? પિતા, પુત્ર કે પૌત્ર ? આવા મજેદાર વિષયવસ્તુ ધરાવતી ફિલ્મ અવશ્ય મનોરંજન પિરસશે.

વાંઢા વિલાસના નિર્માતા આયુષ મહેતા અને વૈશલ શાહ છે. પટકથા, સંવાદ કૃષ્ણ દેવ યાજ્ઞિકનાં છે. એષા કંસારા, રાહુલ રાવલ, પ્રાપ્તિ અજવાળિયા, વૈશાખ રતનબેન અને હરેશ ડાઘીયા જેવા કલાકારોને ચન્મય પરમારનું દિગ્દર્શન મળ્યું છે. ફિલ્મમાં એક ગીતને બોલીવુડના ગાયક નકાશ અજીજનો સ્વર મળ્યો છે. સંગીત ભાર્ગવ-કેદારનું છે. કોરિયોગ્રાફી કૃણાલ સોની અને છબિકલા સાઉથના જાણીતા કૅમેરામેન બીભુદાસની છે.

# શ્યામજી કૃષ્ણ વર્માને પુષ્પાંજલી



ગાંધીનગર, તા. ૯
ભાતીગળ, ભાગ્યશાળી, ભારત રાષ્ટ્રની ભક્તિથી તન, મન, ધનથી સંપૂર્ણ ભીંજાયેલ પનોતા સપૂત સ્વતંત્રતા સેનાની શ્યામજી કૃષ્ણ વર્મા, જેઓશ્રી આપણા ભારત રાષ્ટ્ર માટે સૌપ્રથમ વિદેશમાં રહીને નવયુવાનોને ભારત રાષ્ટ્ર માટે સમર્પિત થવાની અને શિક્ષણક્ષેત્રે તમામ પ્રકારની સુવિધા કરી આપતા, જેમણે છેલ્લે જીનીવામાં પોતાનું શરીર ત્યાગ્યું હતું, તેમનો માંડવી ખાતે શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. વરિષ્ઠ સંતવૃંદ દ્વારા શાંતિપાઠ, વૈદિક ઉચ્ચારણ કરાયું હતું.

આ પ્રસંગ જ્યારે યોજાયો ત્યારે ઉપસ્થિત કાર્યકર્તાઓ અને ૮૦ વર્ષીય વડીલોએ જણાવ્યું હતું કે અહીં આવી સૌપ્રથમ ઘટના ઘટી છે અને દેશવીરનો સાચા અર્થમાં શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ છે.

# ટૂંક સમયમાં ફેસબુકનું પેઈડ વર્ઝન

ન્યૂયોર્ક, તા. ૯
ફેસબુકના કો-ફાઉન્ડર માર્ક ઝકરબર્ગે તાજેતરમાં જ કહ્યું હતું કે, ફેસબુક હંમેશા માટે મફત રહેશે. સાથે કહ્યું હતું કે ફેસબુકનું પેઈડ વર્ઝન લાવવાની સંભાવનાઓ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટૂંક સમયમાં ફેસબુકનું પેઈડ વર્ઝન લોન્ચ કરવામાં આવી શકે છે. બ્લૂમબર્ગના એક રિપોર્ટ પ્રમાણે, ફેસબુક એક સબ્સક્રિપ્શન બેઝ્ડ મોડલ માટે એક રિસર્ચ કરવામાં આવી રહ્યું છે. જેથી એ જાણી શકા કે શું યુઝર્સ પોતાની પ્રાઈવસી માટે પૈસા ખર્ચ કરવા માટે તૈયાર છે. જોકે, ફેસબુકના પ્રવક્તાએ આ રિપોર્ટ પર કોઈ કોમેન્ટ કરવાનો ઈનકાર કર્યો હતો. છેલ્લા કેટલાય સમયથી ફેસબુકના સબ્સક્રિપ્શન બેઝ્ડ મોડલને લઈને ખૂબ ચર્ચાઓ ચાલી રહી છે જેમાં યુઝર્સે કંપનીને પૈસા આપીને પોતાની પ્રાઈવેસીની સુરક્ષા સુનિશ્ચિત કરી શકે છે. હાલમાં ફેસબુકના તમામ યુઝર્સ માટે ફ્રી છે પરંતુ કંપની યુઝર્સના ડેટા કલેક્ટ કરે છે. આ ડેટાનો ઉપયોગ કરીને જાહેરાત આપનારી કંપનીઓ પોતાના ટાર્ગેટ યુઝર્સ સુધી પહોંચે છે. પરંતુ કેમ્બ્રિજ એનાલિટિકા સ્કેન્ડલ બાદ ડેટાને લઈને એક નવી ચર્ચાનો જન્મ થયો છે. ત્યારબાદ ફેસબુક પર ખૂબ દબાણ છે. નોંધનીય છે કે થોડા સમય અગાઉ અમેરિકન સેનેટમાં માર્ક ઝકરબર્ગે હાજર રહ્યા હતા. ત્યારે ઝુકરબર્ગને સવાલ કરવામાં આવ્યો હતો કે શું તમે એક એડ-ફ્રી વર્ઝન લાવવા પર વિચાર કરી રહ્યા છો જે પેઈડ પણ હોઈ શકે છે. તેના પર ઝુકરબર્ગે કહ્યું કે, ફેસબુકનું એક ફ્રી વર્ઝન હંમેશા રહેશે જ્યારે પેઈડ વર્ઝન અંગે વિચારી શકાય છે.

# ઈસરો દ્વારા પરમાણુ ઘડિયાળનું નિર્માણ કરાયું

ગાંધીનગર, તા. ૯
ઈસરોએ એક પરમાણુ ઘડિયાળ વિકસાવી છે. જેનો ઉપયોગ નેવિગેશન સેટેલાઈટમાં કરી શકાય છે. જેથી સ્પષ્ટ લોકેશન ડેટા મળી શકે. હાલમાં ઈસરોએ પોતાના નેવિગેશન સેટેલાઈટ માટે યુરોપિયન એરોસ્પેસ મેન્યુફેક્ચરર એસ્ટ્રિયમ પાસેથી પરમાણુ ઘડિયાળ ખરીદવી પડે છે. અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડિરેક્ટર તપન મિશ્રાએ જણાવ્યું કે SACએ સ્વદેશી એટેમિક કલોક બનાવી છે અને હાલમાં આ ઘડિયાળને પરીક્ષણ માટે રાખવામાં આવી છે. એક વખત તે ઘણા બધા પરીક્ષણ પાસ કરી લે તો આ દેશી પરમાણુ ઘડિયાળ નેવિગેશન સેટેલાઈટમાં પણ પ્રાયોગિક ધોરણે ઉપયોગમાં લઈ શકાય છે. જેથી જાણી શકાય છે કે અંતરિક્ષમાં તે કયાં સુધી ટકે છે અને કેટલો સ્પષ્ટ ડેટા આપી શકે છે.

તપન મિશ્રાએ એમ પણ જણાવ્યું કે આ દેશી પરમાણુ ઘડિયાળના નિર્માણ સાથે ઈસરોએ પસંદગીના અંતરિક્ષ સંગઠનોમાં સામેલ થઈ ગયું છે. જેની પાસે અત્યંત જટિલ ટેકનિક છે, પરંતુ આ દેશી ઘડિયાળ અમારી ડિઝાઈન અને સ્પેસિફિકેશન અનુસાર બનાવાઈ છે. આ ઘડિયાળ પણ આયાત કરાતી ઘડિયાળોની જેમ જ કામ કરે છે. અમને આશા છે કે આ ઘડિયાળ પાંચ વર્ષથી વધુ કામ કરશે.

ભારતની રિજનલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ હેઠળ લોન્ચ કરાયેલા તમામ સાત સેટેલાઈટમાં ત્રણ ત્રણ આયાત કરેલી રુબિડિયમ એટેમિક કલોક છે. આ એટેમિક ઘડિયાળોના કામ પર તપન મિશ્રા કહે છે કે પહેલા લોન્ચ કરાયેલા સાતેય સેટેલાઈટમાં લાગેલી એટેમિક કલોકને સિંક્રનાઈઝ કરાઈ છે. અલગ અલગ ઓરબીટમાં સેટેલાઈટમાં લાગેલી આ ઘડિયાળોની વચ્ચે સમય અંતર નેવિગેશન રિસિવર કે પૃથ્વી પર કોઈ વસ્તુની સ્પષ્ટ પોઝિશન બતાવવામાં મદદ કરશે. એટેમિક કલોક ઉપરાંત નેવીગેશન સેટેલાઈટમાં ક્રિસ્ટલ કલોક પણ હોય છે, પરંતુ તે પરમાણુ ઘડિયાળોની જેમ સ્પષ્ટ જાણકારી આપતી નથી.

# અંગ્રેજોના શાસનમાંથી છૂટવા કરતાં પણ અઘરૂં કામ હીન મનોવૃત્તિથી છૂટવાનું છે

## કોઈ સાધુ-બાવા કે નેતાની સહાય વિના આપણે સ્વનિરીક્ષણ અને સ્વપરીક્ષણથી જ જાગૃત થવું પડશે

થોડા દિવસ પહેલાં ફૂલની દુકાને, ફૂલવાળા ફૂલ આપે એની રાહ જોતી ઉભી હતી અને ત્યાંજ અચાનક પૂજાના ફૂલ જેવી એક દીકરીનો ભેટો થઈ ગયો...

વાત એમ બની કે ભરબપોરનો સમય હતો, ફૂલવાળાની દુકાન પર પંચાયત ભરાયેલી હતી. સ્ત્રી-પુરૂષો ભેગા થઈ કોઈ સામાજિક કમઠાણની પંચાતમાં પડ્યા હતા. આવેલ ગ્રાહક તરફ ધ્યાન આપવાનો કોઈને સમય ન હતો. શું કરવું એ દ્વિધામાં હતી ત્યાંજ એક નાનકડી ૭-૮ વર્ષની દીકરી ખૂબ ત્વરાથી આવીને ઝડપથી મારી જરૂરિયાત પૂરી કરીને પાછી સરી ગઈ... શરીરથી સુકલકડી, ચહેરેથી ગંભીર એ દીકરી એની ઉંમર કરતાં ઘણી મોટી વર્તાઈ. બાળપણ તો માત્ર શરીરની વય હતી જાણે !! જે કામની એની જવાબદારી ન્હોતી છતાં સમયનો તકાજો સમજી પોતે સમય સાચવી લેવા આગળ આવી ને પછી પાછી ટોળામાં લપાઈ ગઈ. સરસ રૂપકડી એ દીકરી મનમાં વસી ગઈ અને એની સાથે અનેક આવી દીકરીઓની છબી માનસપટ પર ઉપસી આવી...સાથે સાથે વ્હાલ અને ચિંતા બંને ઊભરી આવ્યા...

દીકરી એટલે ઘર અને સમાજનો સ્તંભ છે જાણે. એકસાથે ઘણુંબધું અને ઘણાબધાંને એકસાથે સંભાળીને ચાલતી દીકરી લાગણી અને સંવેદનાનું ઝરણું છે. દીકરી ભલે પરિપક્વ સ્ત્રી બની જાય પરંતુ મા-બાપ પ્રત્યેના એના પ્રેમમાં હૃદયના એક ખૂણે દીકરી તત્વની સજલતા હંમેશા જળવાયેલી રહે છે. દીકરી વિશે ઘણું લખાય છે, વારંવાર લખાય છે. બજારમાં આ વિષય પર પુસ્તકોની ભરમાર છે. કવિ અને શાયરોની રચનાઓમાં દીકરીઓ ખૂબ ચર્ચામાં રહે છે. ક્યારેક એની સુંદરતા, સાલસતા, પ્રેમ અને હક્કની વાતો, તો ક્યારેક એની નારાજગી અને મીઠા ગુસ્સાની વાતો...




સ્ત્રીનું આ દીકરી સ્વરૂપ દુનિયાનું ઉત્તમ મનુષ્ય સ્વરૂપ મેં જોયું અને અનુભવ્યું છે. દીકરી છે ત્યાં બધું જ છે. જીવનમાં બધું જ ખૂબ સુંદર-સરળ અને સૌહાર્દપૂર્ણ છે, એ અહેસાસ એક માત્ર દીકરીનું સાંનિધ્ય જ આપી શકે છે. દીકરીને


**અબીલ-ગુલાલ**
**મમતા રાવલ**

વ્હાલનો દરિયો કહેવાયો છે એની સાથે અનેક પરાક્રમી દીકરીઓ આપણા સમાજની શાન છે. હમણાં જ વાંચવામાં આવેલું કે આપણી સૈનિક સ્કુલમાં હવે દીકરીઓ સૈન્યની તાલિમ લેશે. આવી વાત વાંચીને ગર્વ સાથે છાતી ફૂલે છે.

પણ હવે ઘરની બહાર નીકળીએ ત્યાં બુકાનીધારી દીકરીઓ જ જોવા મળે. સુંદર, હસતાં-ખીલતાં ચહેરાઓ બુકાનીમાં સંતાઈને ફરે છે...પોતાની સુંદરતાના રક્ષણ હેતુ શરૂ થયેલી આ રીત સ્વરક્ષણ માટે જાણે આવશ્યક થઈ ગઈ છે. આપણે વિકાસશીલ દેશ છીએ કે પતનશીલ એજ જાણે ક્યારેક પ્રશ્ન થાય છે.

વિકાસશીલતા શેની ? માત્ર મોટી યોજનાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ આપી શકશે !!! સમાજ દિવસે-દિવસે પતનની ખાઈમાં ધકેલાઈ રહ્યો છે. એનો વિકાસ આપણી યોજનાઓમાં ક્યારે સ્થાન પામશે ?

શ્રી નરેન્દ્રભાઈ મોદી એ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારે સૌ પ્રથમ રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ માટે 'કર્મયોગી' અભિયાનનું આયોજન કરેલું. 'યોગઃ કર્મસુ કૌશલમ્' પર આધારિત આ સુંદર કાર્યશાળા દરેક માટે ફરજીયાત હતી. પ્રત્યેક કર્મચારી મને કે કમને આ ટ્રેનીંગ માંથી પસાર થયા. આટલા વિશાળ અભિયાનનું અપેક્ષા પ્રમાણે પરિણામ મળ્યું નહીં. હા, પ્રયત્ન આદર્શ હતો.. સ્વસુધારણા દ્વારા સમાજસુધારણાનો, માનસિકતામાં બદલાવ લાવવાનો. પરંતુ આવો એકાદ પ્રયત્ન સમાજની માનસિકતાના સુધાર માટે પૂરતો કેવી રીતે હોઈ શકે !!!

હવે મોદીજી પોતે જ 'મન કી બાત' દ્વારા સમાજને ઢંઢોળવાનો-જગાડવાનો-સુધારવાનો સતત પ્રયત્ન કરતા રહે છે. એમના આ પરોક્ષ પ્રયત્નો કરતાં અહીં ખુલ્લેઆમ ફરતાં આસારામો ખૂબ સક્રિય રીતે સમાજની નીંવ નબળી કરવામાં સક્રિય છે.

એમાં પણ મોબાઈલ ફોન અને એના અતિરેકનો આ વિશ્વની અનેક ભયાનકતાઓમાં બહુ મોટો ફાળો છે. તમને લાગશે કે દીકરીના વ્હાલથી શરૂ કરેલી વાત મોબાઈલ સુધી કેવી રીતે ? પરંતુ વાત જ્યારે શરૂ કરી ત્યારે પણ મનમાં ચિંતા તો આ વ્હાલસોઈ દીકરીઓની સુરક્ષાની જ હતી...

ટેકનોલોજીનો ઘણો મોટો અને ઉપયોગી ફાળો પણ છે. પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા એવા 'એપ' લોન્ચ કરવામાં આવ્યા છે. એવી હેલ્પલાઈન પણ શરૂ કરાઈ છે જેનાથી સૌને એક આધાર, એક સહારો અનુભવાય છે.

પરંતુ એની સામે નવરાશ, બેકારી, અજ્ઞાનતા, નિરક્ષરતાથી ત્રસ્ત યુવાનોનો વર્ગ મોબાઈલ ફોનમાંની અનેક વ્યવસ્થાઓના દૂરઉપયોગ થકી પોતાના માનસને વ્યસ્ત રાખી ભયંકર વિકૃતિ તરફ ધકેલે છે, એનો શિકાર બને છે. કુમળી બાળાઓ, વ્હાલસોઈ દીકરીઓ, જેને હજુ સ્વસુરક્ષાની જાગૃતતા જ નથી, જેનું બાળપણ હજુ પૂરું જ નથી થયું એ શું જાણે 'એપ' નો ઉપયોગ ? સ્ત્રી-પુરુષના ભેદને માંડ સમજતી થયેલી અબુધ બાળા માણસના પિશાચી સ્વરૂપ ને શું પહેચાને !!! કેટલું હૃદયદ્રાવક છે આ વિચારવું માત્ર પણ...

વિકૃતિઓ માણસ સાથે જ આ સૃષ્ટિ પર આવી છે, પરંતુ એને બહેકાવવાનું કામ આ માનવસર્જિત સાધનો દ્વારા થાય છે. કોઈ કહેશે અગાઉના સમયમાં પણ આ હતું. હા, પણ હવે જ્યારે મીડિયાનો જમાનો છે ત્યારે આ ખરાબીઓ આપણી સામે આવે છે. માત્ર એના પર જીવ બાળીને બેસી રહીશું તો કેમ ચાલશે ? !!

આપણે કોઈ મોહનદાસ કરમચંદ ગાંધીની રાહ જોઈ રહ્યા છીએ ? કોઈ ગાંધી બાપુ આવશે, સમાજ અને રાષ્ટ્રને સારા પંથે લઈ જશે એ આપણી ભ્રમણા છે. અંગ્રેજોના શાસનથી છોડાવવા કરતાં લાખો ગણું અઘરું કામ હીન મનોવૃતિથી છૂટવાનું છે. કોઈ નેતા કે કોઈ સાધુ-બાવાની મદદ વિના માત્ર સ્વનિરીક્ષણ અને સ્વપરીક્ષણથી આપણે જાત અને સમાજ પ્રત્યેની આપણી જવાબદારી પ્રત્યે જાગૃત બનવું પડશે. 'મારે શું' વાળી રીત ચારેકોર કાળોકેર વર્તાવી રહી છે. નવા યુગલો દીકરી નથી ઈચ્છતા, માત્ર એટલા માટે કે એમને એની સુરક્ષાની ચિંતા સતાવે છે. પરંતુ સામે એ સભાનતાની જરૂર છે કે, મારા દિકરાનું ભવિષ્ય જોડવા, સમાજમાં દીકરીઓ પણ એટલી જ આવશ્યક છે. કેટલું ઝડપથી અનેક સ્તરે અસંતુલન વધી રહ્યું છે !!!

વિકૃતિનો વિરોધ બહુ થયો. એમાં કાયદો પોતાનું કામ કરશે એવી આશા છે પણ આપણે સામાન્ય જન, આપણાથી શક્ય તેટલું સાત્વિકતાના ઉછેર અને એના સંવર્ધનનું કામ હાથમાં લઈએ. પોતાના પર ભરોસો અને હિંમત હશે તો આ શક્ય છે. બિભત્સતાને પ્રોત્સાહન આપતા માધ્યમોનો ઉપયોગ બંધ થવો અત્યંત જરૂરી છે.

હજુ જૂની પેઢી વસી રહી છે ત્યાં સુધી નવી પેઢી માટે કંઈક કમર કસવી જોઈશે. હા, પવન અનુકૂળ નથી... લડત લાંબી છે અને અઘરી પણ છે, છતાં દરેક વ્યક્તિ પોતાના ઘરથી જ આ જાગૃતતાની શરૂઆત કરી અને સમાજમાં જે પણ પ્રદાન કરી શકે એ આ માનવજાત હંમેશા યાદ રાખશે. આજના સમયમાં શૂરવીરતાની જરૂર લડાઈનાં મેદાન કરતાં સામાજીક અને ઘરેલુ પ્રશ્નોમાં વધુ વર્તાય છે. પરંતુ ભારત પાસે જ્યારે મહાભારત અને રામાયણ જેવા મહાગ્રંથનું માર્ગદર્શન હોય ત્યારે કોઈ વિટંબણા માર્ગદર્શન વિનાની ન હોઈ શકે, જરૂર છે નજર દોડાવવાની...